## ખેડા જિલ્લામાં લોકશાહીનો મહાકુંભ | જિલ્લા-તાલુકા પંચાયત અને પાલિકાઓની બેઠકો માટે ‘ખરાખરીનો જંગ’

# ખેડાના 14 લાખ મતદાર ‘સ્થાનિક સરકાર’ બનાવશે

**જિલ્લાની 45 બેઠકો** બિનહરીફ થયા બાદ હવે બાકીની બેઠકો પર રસાકસી જોવા મળશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.24

ખેડા જિલ્લામાં લાંબા સમયથી ચાલી રહેલી રાજકીય ગરમાગરમી અને પ્રચારના ઘોંઘાટ બાદ હવે જનતાના દરબારમાં ફેંસલાની ઘડી આવી પહોંચી છે. 26મી એપ્રિલના રોજ જિલ્લાની ગ્રામીણ અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે મતદાન યોજાશે. જિલ્લાના 14 લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને આગામી પાંચ વર્ષ માટે પોતાનું સ્થાનિક નેતૃત્વ નક્કી કરશે. વહીવટી તંત્ર દ્વારા આ લોકશાહીના પર્વને સફળ બનાવવા માટે તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવી છે.

આ ચૂંટણીમાં બેઠકોનું ગણિત જોઈએ તો, જિલ્લા પંચાયતની 42 બેઠકો અને 11 તાલુકા પંચાયતોની કુલ 175 બેઠકો પર જંગ ખેલાશે. જોકે, મતદાન પૂર્વે જ જિલ્લા પંચાયતની 9 અને તાલુકા પંચાયતની 18 બેઠકો બિનહરીફ જાહેર થઈ ચૂકી છે, જેના કારણે હવે બાકી રહેલી બેઠકો પર ખરાખરીનો જંગ જોવા મળશે. શહેરી વિસ્તારોમાં નડિયાદ મહાનગરપાલિકાના 13 વોર્ડની 50 બેઠકો આકર્ષણનું કેન્દ્ર છે. અન્ય 6 પાલિકાઓમાં પણ 18 બેઠકો બિનહરીફ થતા, બાકીની 156 બેઠકો માટે 309 ઉમેદવારો મેદાનમાં છે. જેમના વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

### ક્યાં કેટલા મતદારો?

ખેડા જિલ્લાના ગ્રામીણ મતદારોની સંખ્યા 11,97,395 છે. જેમાં સૌથી વધુ મતદારો ધરાવતા તાલુકાઓમાં મહેમદાવાદ (1,69,599 મતદારો) અને કપડવંજ (1,60,355 મતદારો) મોખરે છે, જે આ ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. શહેરી મતદારોમાં નડિયાદ મહાનગરપાલિકા 1,87,172 મતદારો સાથે સૌથી મોટો હિસ્સો ધરાવે છે.

### મુદ્દાઓ અને સુરક્ષા વ્યવસ્થા

ગ્રામીણ વિસ્તારોમાં મુખ્યત્વે ખેતી અને સ્થાનિક પ્રશ્નો પ્રભાવી રહ્યા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ અને સફાઈ જેવા પ્રશ્નો મતદારોના વલણને પ્રભાવિત કરી શકે છે. સુરક્ષાની દ્રષ્ટિએ, સંવેદનશીલ મથકો પર વેબકાસ્ટિંગ અને વિડિયોગ્રાફી દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. તમામ તાલુકા મથકોએ કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યા છે.

### નિર્ભય થઈ મતદાન કરવા કલેક્ટરની અપીલ

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત પ્રકાશ યાદવે ખેડા જિલ્લાના તમામ નાગરિકોને કોઈપણ ડર કે પ્રલોભન વિના અચૂક મતદાન કરવા અનુરોધ કર્યો છે. તંત્ર દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે માટે તમામ પ્રયાસો હાથ ધરાયા છે. આ ઉપરાંત મતદાન માટે ‘એપિક’ (EPIC) કાર્ડ અનિવાર્ય છે. જો તે ન હોય આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવિંગ, લાયસન્સ, ફોટાવાળી બેન્ક પાસબુક કુલ 14 વૈકલ્પિક દસ્તાવેજોમાંથી કોઈપણ એક દસ્તાવેજ માન્ય ગણાશે.

### ક્યા તાલુકાનું પરિણામ ક્યાં જાહેર થશે?

મતદાન બાદ 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. જેમાં નડિયાદની બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ, મહેમદાવાદમાં શેઠ જે.એચ. સોનાવાલા હાઇસ્કૂલ, કપડવંજમાં શેઠ એમ.પી. હાઇસ્કૂલ, ઠાસરાની ભવન્સ કોલેજ, ડાકોર, મહુધાની કે.એમ. પટેલ પ્રાથમિક શાળામાં મતગણતરી થશે.

### સેવાલિયામાં કલેક્ટર-એસપીએ ફ્લેગ માર્ચ - બુથ નિરીક્ષણ કર્યું



ખેડા જિલ્લા કલેક્ટર અને એસપીના નેતૃત્વમાં સેવાલિયાના મુખ્ય માર્ગો પર પોલીસ કાફલા સાથે સુરક્ષાના ભાગરૂપે ફ્લેગ માર્ચ યોજાઈ હતી. લોકસભા ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પેરામિલિટ્રી ફોર્સ સાથે રૂટ માર્ચ કરી નાગરિકોમાં વિશ્વાસનો માહોલ કેળવ્યો હતો. અધિકારીઓએ સંવેદનશીલ બુથોની રૂબરૂ મુલાકાત લઈ સીસીટીવી કેમેરા અને પાયાની સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી. મામલતદાર અને પોલીસ અધિકારીઓની હાજરીમાં મતદારોને કોઈપણ પ્રકારના ડર વગર નિર્ભય બની મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

**તસવીર : સંજય શાહ**

---

## બાલાસિનોર-લુણાવાડા હાઈવે પર અકસ્માત

# કોઠંબામાં વાહનની ટક્કરે આશાસ્પદ યુવાનનું મોત

**કોઠંબા પોલીસ** મથકની હદમાં શિગ્નાલી ચોકડી પાસે સર્જાયેલી દુર્ઘટના

(પ્રતિનિધિ) લુણાવાડા તા.24

મહિસાગર જિલ્લાના બાલાસિનોર-લુણાવાડા હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં યુવકે જીવ ગુમાવ્યો હતો.

આ ઘટનાની વિગત મુજબ, 11મી ઓક્ટોબર 2025ના રોજ રાત્રે અકસ્માત સર્જાયો હતો. વિશ્વાસ ઘનશ્યામભાઈ વાળંદ નામનો યુવાન શિગ્નાલી ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન અત્યંત ગફલતભરી રીતે હંકારી વિશ્વાસને અડફેટે લીધો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે તેને માથા અને કપાળના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત બાદ તરત જ સ્થાનિક દુકાનદાર મુકેશસિંહ રાઠોડે માનવતા દાખવી ગંભીર રીતે ઘવાયેલા વિશ્વાસને પોતાની ઈકો ગાડીમાં સારવાર માટે લુણાવાડાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના કાકા ચીમનભાઈ કોયાભાઈ વાળંદે કોઠંબા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક સામે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, ફરાર ચાલકને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## ડભોઉ ચરામાં રીક્ષાચાલકની હત્યા કેસનો ભેદ આખરે ઉકેલાયો

# સોજીત્રામાં પતિએ મિત્ર સાથે મળી પત્નીના પ્રેમીને મોતને ઘાટ ઉતાર્યો

**સીસીટીવી અને કોલ** ડિટેઈલ્સના આધારે પોલીસે બે શખસને દબોચી લીધા



(પ્રતિનિધિ) આણંદ તા.24

સોજીત્રા પોલીસ મથકની હદમાં ડભોઉ ચરા નજીક ગત 16મી એપ્રિલે થયેલા ચકચારી મર્ડર કેસમાં પોલીસે ગણતરીના દિવસોમાં સફળતા મેળવી છે. પત્ની સાથેના આડા સંબંધોની જાણ થતા ઉશ્કેરાયેલા પતિએ તેના મિત્ર સાથે મળી રિક્ષાચાલક યુવકની ઘાતકી હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

સોજીત્રા પોલીસે તપાસ દરમિયાન મૃતક ગોપાલ જીકાભાઈ સોલંકી (રહે. પાળજ) ની કોલ ડિટેઈલ્સ અને વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે મૃતકને ડભોઉની એક મહિલા સાથે પ્રેમ સંબંધ હતો અને તે અવારનવાર તેને મળવા આવતો હતો.

આ ઘટનાની રાત્રે જ્યારે ગોપાલ પોતાની રિક્ષા લઈને મહિલાને મળવા પહોંચ્યો, ત્યારે મહિલાના પતિ સુરેશ રમેશભાઈ તળપદા અને તેના મિત્ર વિજય કનુભાઇ તળપદાએ ખેતરમાં છુપાઈને ઓચિંતો હુમલો કર્યો હતો. સુરેશે લોખંડની પાઈપ અને વિજયે લાકડાના ડંડા વડે ગોપાલને બેરહેમીથી માર માર્યો હતો.

આ મારમાર્યા બાદ ઘાયલ ગોપાલ રિક્ષા લઈને નીકળ્યો હતો, પરંતુ ઈજાઓ ગંભીર હોવાથી ડભોઉ નાયરા પેટ્રોલ પંપ પાસે તે રિક્ષામાંથી નીચે પટકાતા તેનું મોત નીપજ્યું હતું. આ અંગે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે શરીરના મહત્વના અંગ બરોળ (સ્પ્લીન) ફાટી જવાથી અને આંતરિક રક્તસ્ત્રાવને કારણે તેનું મૃત્યુ થયું હતું. સોજીત્રા પોલીસે આ મામલે બંને આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# ઉમરેઠમાં ડમ્પર નીચે કચડાતાં કિશોરનું મોત

**લગ્ન પ્રસંગ પતાવી** વતનથી પરત ફરતા કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.24

ઉમરેઠ-ડાકોર રોડ પર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે બાઈક ડિવાઈડર સાથે અથડાતા પાછળ બેઠેલો કિશોર રોડની બીજી તરફ ફંગોળાયો હતો, જ્યાં સામેથી આવતા ડમ્પરના ટાયર નીચે આવી જતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની અને હાલ ગોંડલ પાસે મજૂરી કામ કરતા રમેશભાઈ હઠીલાનો પરિવાર વતનમાં લગ્ન પ્રસંગ પતાવી પરત ફરી રહ્યો હતો. પિતા અને પરિવારના અન્ય સભ્યો બસમાં મુસાફરી કરી રહ્યા હતા, જ્યારે 17 વર્ષીય પુત્ર અજય હઠીલા તેના ફુવા રસુલભાઈ બીલવાળ સાથે મોટરસાયકલ પર દાહોદથી રાજકોટ જવા નીકળ્યો હતો.

ઉમરેઠ-ડાકોર રોડ પર રાત્રિના સમયે બાઈક ચાલક રસુલભાઈએ સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક પ્રચંડ વેગે ડિવાઈડર સાથે અથડાયું હતું. આ ટક્કરને કારણે અજય ઉછળીને રોડની બીજી સાઈડ પડ્યો હતો અને તે જ ક્ષણે સામેથી આવતા એક અજાણ્યા ડમ્પરના પૈડા તેના પર ફરી વળતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં વ્હાલસોયા પુત્રના મોતના સમાચારથી શોકની ગમગીની છવાઈ ગઈ હતી. આ મામલે મૃતકના પિતાએ બાઈક ચાલક (ફુવા) વિરુદ્ધ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

---

## ‘બે નંબરના કામ’ની બડાશ મારતા ત્રણેય યુવકોને પોલીસે કાન પકડાવ્યા

# નડિયાદમાં દારૂના ખોખા સાથે રીલ બનાવતાં 3 યુવકની અટક

**માસુમ મહીડાના** ભત્રીજા સહિત 3 શખ્સોની નડિયાદ પશ્ચિમ પોલીસે કરી અટકાયત



(પ્રતિનિધિ) નડિયાદ તા.24

નડિયાદ શહેરમાં કારમાં કથિત વિદેશી દારૂના ખોખા સાથે ગેરકાયદેસર પ્રવૃત્તિઓની બડાશ મારતો વીડિયો વાયરલ કરનાર ત્રણ યુવકોને નડિયાદ પશ્ચિમ પોલીસે ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે.

નડિયાદના પીજ રોડ વિસ્તારમાં રહેતા સાહિલ અજીત મહીડા (માસુમ મહીડાનો ભત્રીજો), રિહાન કનુ મહીડા અને આશિષ દિનેશ પરમારે કારમાં રીલ બનાવી હતી. આ વીડિયોમાં કારની પાછળના ભાગે વિદેશી દારૂના ખોખા સ્પષ્ટ જોઈ શકાતા હતા અને યુવકો બિન્દાસ્તપણે ‘બે નંબરના’ એટલે કે ગેરકાયદેસર કામો કરવાની વાતો કરતા હતા. આ રીલ સોશિયલ મીડિયા પર વાયરલ કરીને તેઓ સમાજમાં પોતાનો ખોટો દબદબો ઉભો કરવાનો અને કાયદા વ્યવસ્થાને પડકાર આપવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ વીડિયો પોલીસના ધ્યાન પર આવતા જ નડિયાદ પશ્ચિમ પોલીસની ટીમે ત્રણેય યુવકોને દબોચી લીધા હતા અને કડક વલણ અપનાવીને આ યુવકો પાસે કાન પકડાવીને તેમની શાન ઠેકાણે લાવી હતી.

# મહિસાગરમાં ચૂંટણી પૂર્વે સુરક્ષા વ્યવસ્થા સઘન

**સીસીટીવી મોનિટરિંગ** અને પોલીસ બંદોબસ્તની સમીક્ષા કરી અધિકારીઓને અપાઈ કડક સૂચના

(પ્રતિનિધિ) લુણાવાડા તા.24

મહીસાગર જિલ્લામાં આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી વહીવટી અને પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. આ તૈયારીઓના ભાગરૂપે મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગોધર ખાતે બનાવવામાં આવેલા ‘સ્ટ્રોંગ રૂમ’ ની સુરક્ષા વ્યવસ્થાની રૂબરૂ મુલાકાત લઈ ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

ગોધર ખાતેના સ્ટ્રોંગ રૂમની મુલાકાત દરમિયાન પોલીસ અધિક્ષકે ત્યાં તૈનાત ચુસ્ત પોલીસ બંદોબસ્ત, એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ અને સીસીટીવી કેમેરા દ્વારા કરવામાં આવતા મોનિટરિંગનું નિરીક્ષણ કર્યું હતું. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ સુરક્ષામાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહે તે માટે તેમણે સ્થળ પર હાજર અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

વધુમાં, તેમણે ફરજ પરના પોલીસ જવાનો અને અન્ય સુરક્ષાકર્મીઓને સતર્ક રહીને કામગીરી કરવા તેમજ કોઈપણ શંકાસ્પદ હિલચાલ પર કડક નજર રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આમ, આગામી ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા લોખંડી રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા તમામ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે.

# આણંદમાં પુત્રવધૂના 75 તોલાના દાગીના સાસરિયાં ઓળવી ગયાં

**પતિના અવસાનના** બીજા જ દિવસથી ‘તારા પગલાં અશુભ છે’ કહી મેણાં માર્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.24

આણંદ પાસેના બાકરોલના યુવક સાથે લગ્ન કરનારા અને હાલ સુરતના બારડોલી ખાતે આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી પરણિતાએ તેના સાસરિયાઓ સામે ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. કેન્સરની બીમારીમાં પતિના મોતના બીજા જ દિવસથી સાસરિયાઓએ ‘તારા પગલા સારા નથી’ તેમ કહી શારીરિક-માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, લગ્ન અને જિયાણામાં મળેલા 75 તોલા સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂપિયા 15 લાખની મત્તા પણ સાસરિયાઓએ પડાવી લીધાં હતાં.

મૂળ બાલાસિનોરની અને હાલ બારડોલી ખાતે ફરજ બજાવતા અમ્રિતાબેન પટેલના લગ્ન આણંદ બાકરોલના પ્રતિકકુમાર સાથે થયા હતા. જોકે, ગત 22મી ઓક્ટોબર 2025ના રોજ પ્રતિકકુમારનું કેન્સરની બીમારીને કારણે અવસાન થયું હતુ. આશ્ચર્યજનક બાબત એ છે કે, પતિની બીમારીનો તમામ ખર્ચ અમ્રિતાબેનના પિતાએ ઉઠાવ્યો હોવા છતાં, પતિના મૃત્યુના બીજા જ દિવસથી સાસરિયાઓએ અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું હતું.

મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, અમ્રિતાબેનના સસરા દિનેશભાઈ ઉર્ફે દિનેશચંદ્ર રાવજીભાઈ પટેલ, સાસુ રક્ષાબેન (બન્ને રહે. સુરત) અને નણંદ આયેશાબેન (રહે. ભોપાલ) એ ભેગા મળીને પરણિતાને ‘તારા પગલાં સારા નથી, તારા લીધે જ પ્રતિકને ખોવો પડ્યો છે’ તેમ કહી મેણાં-ટોણાં માર્યા હતાં. જ્યારે પરણિતાએ આનો વિરોધ કર્યો ત્યારે તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. સાસરિયાઓએ પરણિતા સાથે ઝઘડો કરી તેના સ્ત્રીધનના 75 તોલા સોનાના દાગીના અને રોકડ રકમ હડપ કરી લીધી હતી. જ્યારે દાગીના પરત માંગવામાં આવ્યા ત્યારે સાસરિયાઓએ સ્પષ્ટ કહી દીધું હતું કે હવે કાંઈ પરત મળશે નહીં. હાલ આ મામલે મહિસાગર મહિલા પોલીસે ત્રાસ ગુજારનાર સાસુ, સસરા અને નણંદ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# બોરસદના શિક્ષકની રાષ્ટ્રીય કક્ષાએ યોગ સંસદ તરીકે પસંદગી

**ડો. ભાનુપ્રસાદ પંડ્યા** યોગામાં M.Phil, Ph.d કરનાર ગુજરાત રાજ્યનાં પ્રથમ વ્યક્તિ

(પ્રતિનિધિ) બોરસદ તા 24

ભારતીય યોગ સંસદની પસંદગી સમિતિ દ્વારા યોગ આંદોલનને વેગ આપવા માટે વિવિધ રાજ્યોમાંથી યોગ સાંસદોની પસંદગી યાદી જાહેર કરવામાં આવી છે. આ જાહેરાતમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી 2 વ્યકિતની યોગ સાંસદ તરીકે પસંદગી કરવામાં આવી છે. ગુજરાતમાંથી જેમાં આણંદના ડૉ. ભાનુ પ્રસાદ એ. પંડ્યા અને સુરતના પરેશ ડી. ભટ્ટના નામ જાહેરાત થઈ હતી.

આ સંસદની મુખ્ય વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે બિન-રાજકીય અને બિન-સાંપ્રદાયિક છે, જેમાં દેશની તમામ 543 લોકસભા બેઠકોને યોગ-ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવી છે. દરેક ક્ષેત્રમાંથી એક નિઃસ્વાર્થ અને યોગમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત (MA/M.Sc અથવા Ph.D.) ધરાવતા નિષ્ણાતની જ પસંદગી કરવામાં આવે છે. આ તમામ 543 યોગ સાંસદો મળીને ભારત માટે એક રાષ્ટ્રીય યોગ નીતિ તૈયાર કરશે.

બોરસદની નાવડ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ડો. ભાનુપ્રસાદ એ પંડ્યા આંતરરાષ્ટ્રિય યોગા જજ છે. તેઓએ પાંચ આંતરાષ્ટ્રિય યોગ સંદર્ભની કોન્ફરન્સ તેમજ રીસર્ચ પેપર પ્રસ્તુત કર્યા છે.ચીન (બૈજીન), તાઈવાન, થાઈલેન્ડ, (બેગકોક), ઉજ્જૈન, મુંબઈ, દિલ્હી વગેરે ઘણા સ્થાને રાષ્ટ્રિય, આંતરરાષ્ટ્રીય યોગ કાર્યમાં સેવા આપી ચુક્યા છે.

ડો. ભાનુપ્રસાદ પંડ્યા દ્વારા યોગ દિપિકા પુસ્તકનુ આલેખન કરાયેલ છે. તેઓ યોગામાં M.Phil, Ph.d કરનાર ગુજરાત રાજ્યનાં પ્રથમ વ્યક્તિ હોવાનું ગૌરવ પામ્યા છે. યોગાના ડિપ્લોમા અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ છે.

શારીરિક શિક્ષણ પર બેચલર એન્ડ માસ્ટર્સ ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.ગુજરાત સરકારના જુદા જુદા શૈક્ષણિક પ્રોજેક્ટોમાં કિ રિસોર્સ



પર્સન તરીકે કામગીરી કરેલ છે.હાલમાં યોગ શિક્ષણ સંદર્ભે પ્રચાર- પ્રસાર અને માર્ગદર્શક તરીકેનું કાર્ય કરી રહ્યા છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225